સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકો/ શિક્ષણ સહાયકોની બદલી કરવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સમશ-૧૦૨૦૧૯-૧૭૬૫-ગ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૯/૧૨/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) કમિશનર શાળાઓની કચેરીનો તા.૦૬/૦૫/૨૦૧૬નો પત્રક્રમાંક: ૪૯/મકમ/બદલી/મ-૯/૧૬/૧૮૫૫-૮૯.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૭ના પરિપત્ર ક્રમાંક: એમઆઇએસ-૧૦૨૦૧૫-૫૫૬૧૯૫-ગ.૫

(૩) કમિશનર શાળાઓની કચેરીનો તા.૦૪/૧૧/૨૦૧૯નો પત્રક્રમાંક: ૪૯/મકમ/મ-૯/૨૦૧૯/૮૫૨૯

પરિપત્ર:

રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકો/શિક્ષણ સહાયકોની બદલી અંગે વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના કમિશનર શાળાઓની કચેરીના તા.૦૬/૦૫/૨૦૧૬ના પત્રથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ ૫ (પાંચ) વર્ષ પૂરા થયા બાદ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મદદનીશ શિક્ષકો/શિક્ષણ સહાયકો અન્ય જિલ્લામાં ફેરબદલી માટે હકકદાર બને છે. જિલ્લામાં આતંરિક બદલી માટે ૩ (ત્રણ) વર્ષ નિયત થયેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૭ના પરિપત્રથી કરાર આધારિત ફિક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓની બદલી/પ્રતિનિયુક્તિ સંદર્ભે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (3) સામેના કમિશનર શાળાઓની કચેરીના તા.૦૪/૧૧/૨૦૧૯ના પત્રથી સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૭ના પરિપત્રની સૂચનાઓ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકો/શિક્ષણ સહાયકોને લાગુ પાડવા દરખાસ્ત કરેલ છે, જે અન્વયે નીચે મુજબની સૂચના પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકો/શિક્ષણ સહાયકો પણ **શિક્ષણ** વિભાગ હસ્તકના સરકારી કર્મચારીઓ હોઇ, તેઓને પણ સામાન્ય વહીવટ વિભાગના **તા.૦૫/૦૭/૨૦૧૭**ના પરિપત્રની જોગવાઇ તથા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બદલી/પ્રતિનિયુક્તિ સંદર્ભે **વખતો** વખત બહાર પાડવામાં આવતા ઠરાવો/ પરિપત્રો /નિયમો લાગુ પડશે તથા તે અનુસાર કમિશનર **શાળાઓ**ની કચેરીના તા.૦૬/૦૫/૨૦૧૬ના પત્રથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓમાં જરૂરી સુધારા **કરવાના રહેશે.**

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ટી.એસ.પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રા. અને મા.શિ.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, કમિશનર શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કમિશનર શાળાઓની કચેરી મારફત)
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિસ્ટમ મેનેજરશ્રી, આઇ.ટી.સેલ (ઓનલાઈન મુકવા સારૂ)